ગાંધીનગર સમાચાર



## દેવદિવાળી પર્વે અંબાજીમાં ભાવિકોનો ભારે ઘસારો

કારતક સુદ પુર્ણીમાં અને દેવદિવાળીના પગલે યાત્રાધામ અંબાજીના અંબાજી મંદિરમાં યાત્રીકોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો અને સવારથી જ મંદિરના ચાચર ચોકમાં બાવન ગજની લાંબી ધજાઓ યાત્રીકો લઈ જતા નજરે પડ્યા હતા. અને સમગ્ર ચાચર ચોકમા ભક્તિમય વાતાવરણ સર્જાયુ હતુ. ભક્તોની ચાચરચોકમાં લાંબી કતારો પણ જોવા મળી હતીને સમગ્ર મંદિર પરીસર 'બોલ માડી અંબે જય જય અંબે' નાં નાદ થી ગુંજ્યા હતા. એટલું જ નહી દેવદિવાળી એ દિવાળીનાં તહેવારોનો છેલ્લો તહેવાર માનવામાં આવે છે. સોમવારથી શાળાઓમાં વેકેશન પુર્ણ થતા શૈક્ષણીક કાર્ય શરૂ થનાર છે. ત્યાકે શનિ-રવિ વેકેશનનાં છેલ્લા દિવસો હોવાથી દેવસ્થાનોમાં યાત્રિકોનો પ્રવાહ વધુ જોવા મળે છે. જ્યારે હવે લગ્નસરા ની પણ સિઝન શરૂ થનાર છે. ત્યારે અંબાજી આવેલાં માઈભક્તો એ દિવાળી વેકેસન ખુબ મજા થી પસાર કર્યા હોવાનું પણ જણાવ્યુ હતુ.

# આવતીકાલથી ભાજપનો ડોર ટુ ડોર પ્રચાર

### અમિત શાહના લોકસંપર્ક રાઉન્ડને લઇને ભાજપના કાર્યકરો અને આગેવાનો દ્વારા તડામાર તૈયારી : ૧૦૪થી વધુ બોટલ લોહી એકત્રિત કરવાનો કાર્યક્રમ

ગાંધીનગર,તા.પ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે હાલ ગુજરાતમાં ધામા નાંખ્યા છે. તા.૭મી નવેમ્બરથી તેઓ અમદાવાદના ખાસ કરીને તેમના નારણપુરા વિધાનસભા સહિતના મતક્ષેત્રમાં રૂબરૂ ફરી મતદારોથી માંડી પાયાના કાર્યકરોને મળી ભાજપના ચૂંટણી પ્રચાર અભિયાન હાથ ધરશે. અમિત શાહના આ લોકસંપર્ક રાઉન્ડને લઈ નારણપુરા વિધાનસભા મતક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં ભાજપના કાર્યકરો અને આગેવાનો દ્વારા અત્યારથી જ તડામાર તૈયારીઓ કરી દેવાઈ છે. ખાસ કરીનો વિસ્તારમાં મોદીના સંકલ્પ અભિયાન અને અમિત શાહની સૂચના મુજબ, સ્વચ્છતા અભિયાનનો અમલ કરાવાઈ રહ્યો છે અને કયાંય ગંદકી કે અસ્વચ્છતા ના રહે તેનું ધ્યાન રખાઈ રહ્યું છે. રાજયભરમાં પણ આ પ્રકારે લોકસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવશે. બીજીબાજુ, નારણપુરા વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના જન્મદિનની થેલેસેમિયાના બાળકોના લાભાર્થે રકતદાન શિબિર યોજી ૧૦૪થી વધુ બોટલ લોહી એકત્ર કરી રેડક્રોસ સંસ્થાને અર્પણ કરાયું હતુ અને આ રીતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની બર્થ ડેની અનોખી રીતે ઉજવણી કરાઈ હતી. નવા વાડજ વોર્ડના મંત્રી રમેશભાઈ ગીડવાણી, સ્થાનિક કોર્પોરેટર જીગ્નેશ પટેલ, આર.ડી.દેસાઈ સહિતના આગેવાનોના નેજા હેઠળ પંડિત દિનદયાળ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટ આયોજિત રકતદાન શિબિરમાં મહિલાઓ, યુવાનો સહિત ભાજપના કાર્યકરો-આગેવાનોએ સારી એવી સંખ્યામાં થેલેસેમિયાના બાળકોના લાભાર્થે રકતદાન કર્યું હતું. દરમ્યાન ભાજપ અત્યારે જે પ્રકારે પાટીદાર આંદોલન, કોંગ્રેસ, દલિતો સહિતના પરિબળો સામે લડત આપી રહ્યું છે, તેને લઈ પાયાના અને સંનિષ્ઠ કાર્યકરોનો ઉત્સાહ ઓછો ના થાય કે તેઓમાં કોઈ નિરાશાનું વાતાવરણ અસર ના કરે તે હેતુથી ખુદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાતમાં ધામા નાંખ્યા છે. દક્ષિણ ગુજરાત સહિતના ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર બાદ અમિત શાહ તા.૭મીથી શહેરી વિસ્તારમાં ખાસ કરીને અમદાવાદના તેમના નારણપુરા વિધાનસભા મતક્ષેત્ર સહિતના વિસ્તારોમાં ડોર ટુ ડોર ફરીને મતદારોથી લઈ પાયાના કાર્યકરો, આગેવાનોને રૂબરૂમાં મળી તેમને ભાજપના વિકાસનો ઈતિહાસ સમજાવશે. અમિત શાહનો ખાસ કરીને ભાજપના કાર્યકરો અને આગેવાનોને બુસ્ટ અપ કરી તેમનામાં એક નવી ઉર્જા અને પ્રાણના સંચાર કરવાનો મુખ્ય આશય છે. ચૂંટણી વ્યૂહરચનાના ભાગરૂપે શાહે આ કવાયત હાથ ધરી છે. શાહે ભાજપના કાર્યકરોને ચૂંટણી સુધી હંમેશા તરોતાજા, નિરાશાને ખંખેરી હકારાત્મક અભિગમ સાથે મક્કમતાથી આગળ વધવા અને તમામ પરિસ્થિતિમાં ભાજપને દોઢસો પ્લસ બેઠકો જીતાડવાના એકમાત્ર લક્ષ્યાંકને પાર પાડવાના ધ્યેય સાથે ચૂંટણી અભિયાનમાં લાગી જવાનો સંદેશો આપ્યો છે. અમિત શાહના તા.૭મી નવેમ્બરથી નારણપુરા વિધાનસભા મતક્ષેત્રમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાનને લઈ ભાજપના સ્થાનિક કાર્યકરો અને આગેવાનો દ્વારા અત્યારથી જ જબરદસ્ત તૈયારીઓ કરી દેવામાં આવી છે. કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શાહે આ વખતના ચૂંટણી પ્રચાર અભિયાન મારફતે સતત કાર્યરત અને ચૂંટણીલક્ષી ધ્યેયમાં જોતરાયેલા રહેવાનો પણ સંદેશો પોતાના સખત પરિશ્રમ મારફતે આપવાનો પ્રયાસ કર્યો છે. શાહના ડોર ટુ ડોર કેમ્પેઈનને લઈ સમગ્ર વિસ્તારમાં અત્યારથી જ મહિલાઓ, યુવાઓ અને વરિષ્ઠ કાર્યકરો-વિસ્તારના આગેવાનોને જાણ કરી દેવાઈ છે.

## જીતુ વાઘાણી સામે વિરોધ વ્યક્ત કરવા રાજપૂત સમાજ મક્કમ

અમદાવાદ,તા.પ

ભાવનગર જિલ્લાના બુધેલ ગામના રાજપૂત સમાજના સરપંચ દાનસંગ મોરી પર રાજકીય દ્વેષભાવ રાખી ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી દ્વારા કરાયેલા કથિત અત્યાચારો અને ષડયંત્રોના વિરોધમાં આજે ગુજરાતભરમાં સમગ્ર રાજપૂત અને ક્ષત્રિય સમાજના લોકો બાવળાના ભાયલા ગામના મોગલ ધામ ખાતે ઉમટયા હતા. રાજપૂત સમાજના યોજાયેલા મહાસંમેલનમાં આજે સમગ્ર રાજપૂત સમાજ દ્વારા જીતુ વાઘાણીના વિરોધમાં જોરદાર સૂત્રોચ્ચાર અને નારા લાગ્યા હતા.

રાજપૂત સમાજના આગેવાનોએ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીનું આ સમગ્ર મામલામાં રાજીનામું માંગતી અને વાઘાણી દ્વારા રાજપૂત સમાજની અને જેને ભોગ બનાવાયા છે તે દાનસંગ મોરીની જાહેરમાં માફી માંગવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી હતી. ભાજપ સરકાર વાઘાણી સામે કાયદાનુસાર કાર્યવાહી નહી કરાય અને જીતુ વાઘાણી રાજીનામું નહી આપે તો, આગામી વિધાનસભા ચૂંટણીમાં રાજપૂત સમાજ દ્વારા ભાજપને મત નહી મળે. ગુજરાતના રાજપૂત સમાજના વડીલ અગ્રણી કાનભા ગોહેલ, આંદોલનના કન્વીનર બળવંતસિંહ પઢેરિયા, કુલદીપ સગર સહિતના આગેવાનોના નેજા હેઠળ આજે ભાયલાના મોગલ ધામ ખાતે સમગ્ર ગુજરાત રાજપૂત સમાજનું એક વિશાળ મહાસંમેલન યોજાયું હતું.

રાજપૂત સમાજ તરફથી આક્ષેપ કરાયા હતા કે, ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ સરકારી તંત્રનો દૂરપયોગ કરી બુધેલ ગ્રામ પંચાયત હસ્તકની આશરે ૨૦થી ૨૫ કરોડ રૂપિયાની ગૌચર જમીન પડાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ગામના સરપંચ દાનસંગ મોરીએ વાઘાણીનો આ મેલો મનસૂબો પાર પડવા દીધો ન હતો, જેની અદાવત અને રાજકીય દ્વેષ રાખીને જીતુ વાઘાણીએ પોતાની સત્તા અને હોદ્દાનો દૂરપયોગ કરી પોલીસ અને સરકારી તંત્ર દ્વારા દાનસંગ મોરી અને તેમના પરિવારજનોને છેલ્લા ત્રણ વર્ષથી ખોટા કેસો અને ધાક-ધમકીઓ આપી હેરાન-પરેશાન કરી નાંખ્યા છે. એટલું જ નહી, દાનસંગ મોરીને સરપંચ તરીકે સસ્પેન્ડ કરાવી દઈ ખોટા કેસમાં છ મહિનાની સજા પણ કરાવવામાં આવી હતી. છેલ્લા ત્રણ વર્ષથી દાનસંગ મોરી અને તેમનો પરિવાર જીતુ વાઘાણીના અહંકાર અને બદલાનો ભોગ બની રહ્યો છે.,



### તલોદમાં નાગણેશ્વરી મંદિરે અન્નકૂટ ધામધૂમથી ઉજવાયો

તલોદમાં સુપ્રસિધ્ધ એવા યાત્રાધામ તરીકે પ્રચલિત નાગણેશ્વરી માતાજીના મંદિરે દેવદિવાળી નિમિત્તે અન્નકુટ ભરવામાં આવ્યો હતો. મંદિરના મહંત જીભુસિંહ રાઠોડના સાંનિધ્યમાં ભાવિ ભકતોને આર્શીવચન પાઠવી નવા વર્ષની શુભકામના સાથે મહાઆરતી, મહાપ્રસાદ સાથે સુશોભિત માતાજીના દર્શનનો લ્હાવો આપી ધામધૂમથી માતાજીનો પ૬ ભોગનો પ્રસાદી સાથે ભકિતસભર અન્નકુટ ઉજવવામાં આવ્યો હતો.

## પદ્માવતી ફિલ્મના વિવાદનો અંતે મામલો ગુજરાત હાઈકોર્ટમાં

અમદાવાદ, તા.પ

બોલીવુડના જાણીતા નિર્દેશક સંજય લીલા ભણશાલીની પદ્માવતી ફિલ્મને લઈ ગુજરાત સહિત સમગ્ર દેશભરના રાજપૂત સમાજમાં વિરોધનો વંટોળ ફુંકાયો છે ત્યારે પદ્માવતી ફિલ્મનું રિલીઝ ગુજરાત સહિત દેશભરમાં અટકાવવા દાદ માંગતી બહુ મહત્વની જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે, જેની સુનાવણી આગામી દિવસોમાં નીકળે તેવી શકયતા છે. શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના પ્રમુખ રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજ શેખાવતે કરેલી જાહેરહિતની રિટ અરજીમાં પ્રતિવાદી પક્ષકારો તરીકે કેન્દ્ર સરકાર, રાજય સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય, સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી), ભણશાલી પ્રોડકશન-મુંબઈ અને વાયાકોમ ૧૮ મોશન પિક્ચર્સ-મુંબઈને દર્શાવવામાં આવ્યા છે. શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના પ્રમુખ રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજ શેખાવતે કરેલી જાહેરહિતની રિટ અરજીમાં એવા મુદ્દા ઉપસ્થિત કરાયા છે કે, રાણી પદ્માવતીની વાત ૧૩મી અને ૧૪મી સદીની છે, જે ચિત્તોડગઢના પદ્માવત રાજયની રાણી હતી. દિલ્હી સલ્તનતના ક્રૂર શાસક અલાઉદ્દીન ખિલજીએ વર્ષ ૧૩૦૩માં ચિત્તોડગઢ પર હુમલો કર્યો હતો, તેનું કારણ પદ્માવતી ન હતું. રાણી પદ્માવતીનું વાસ્તવિક નામ પદ્મિની છે.જૈન પુસ્તકમાં રાની પદ્માવતીના પતિ એવા મેવાડના રાજપૂત શાસક રાવલ રતનસિંહનો ઉલલેખ છે.

## હાર્દિક પટેલ સામે યુવા પાટીદાર બ્રિગેડનો વિરોધ

### હાર્દિક અંગત રાજકીય સ્વાર્થમાં રાજકીય રોટલો શેકવા પ્રયાસ કરશે તો પાટીદાર યુવાન જડબાતોડ જવાબ આપશે

અમદાવાદ, તા.પ

તાજેતરમાં જ પાટીદાર સમાજની છ વિવિધ સંસ્થાઓના વડીલ આગેવાનોએ એક મંચ પર જાહેરમાં આવી પાસના નેતા હાર્દિક પટેલ આણિમંડળીનો ખુલ્લો વિરોધ કર્યો હતો અને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન હવે પ્રાઈવેટ અનામત આંદોલન બની ગયું છે ત્યારે હવે યુવા પાટીદાર બ્રિગેડે પણ હાર્દિક પટેલ સામે બાંયો ચડાવી છે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, સરદાર કલ્પરથ સહિતની સંસ્થાઓના યુવા પાટીદાર આગેવાનોએ પણ આજે એક મંચ પર આવી હાર્દિક પટેલનો વિરોધ કરી તેને સાફ શબ્દોમાં ચીમકી આપી હતી કે, જો હાર્દિક પટેલ કોંગ્રેસની પાટલીમાં બેસી પાટીદાર અનામત આંદોલનને બદલે પર્સનલ આંદોલન ચલાવશે તો, પાટીદાર યુવાઓનું તેને કોઈપણ સંજોગોમાં સમર્થન રહેશે નહી. યુવા પાટીદાર બ્રિગેડે હાર્દિક પટેલને અંગત રાજકીય સ્વાર્થમાં રાજકીય રોટલો શેકવાનો પ્રયાસ કરાશે તો, પાટીદાર યુવાઓ તરફથી હવે જડબાતોડ જવાબ અપાશે એવી ચેતવણી પણ આપી હતી. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, સરદાર કલ્પરથ સહિતની પાટીદાર સંસ્થાઓના પાટીદાર યુવા આગેવાનો સંજય પટેલ, હરેશ પટેલ, કમલ વાટલીયા અને દિલીપ મામાએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજની પાટીદાર આયોગની રચના, પાટીદાર અનામત આંદોલન દરમ્યાન થયેલા તમામ કેસો પરત ખેંચવા, પોલીસ અત્યાચાર કરનાર કસૂરવાર અધિકારીઓ સામે નિવૃત્ત હાઈકોર્ટ જજના વડપણ હેઠળ તપાસ પંચની રચના અને આંદોલન દરમ્યાન શહીદ થયેલા પાટીદાર જવાનોના પરિવારોને વળતર સહિતની માંગણીઓ રાજય સરકારે સ્વીકારી લીધી છે. પાસ, એસપીજી સહિતના પાટીદાર સમાજના નેતાઓની હાજરીમાં આ સમગ્ર મામલે સરકાર સાથે સમાધાન થઈ ગયુંછે, તેથી હવે પાટીદાર અનામત આંદોલન ચાલુ રાખવાનો કોઈ અર્થ રહેતો નથી. ઓબીસીમાં અનામતની પાટીદાર સમાજની મૂળ માંગણી અને લડત ચાલુ રહેશે પરંતુ એ સિવાયના મુદ્દાઓ પર હવે કોઈ વિવાદ કે માંગણી રહેતી નથી. હાર્દિક પટેલ હવે એ જ માંગણીઓની નકલ કરી કોંગ્રેસ સાથેની બેઠક એ રાજકીય રોટલો શેકવાની જે રાજનીતિ કરી રહ્યો છે, તેની સાથે પાટીદાર સમાજ કે યુવા પાટીદાર બ્રિગેડ નથી. પાટીદાર સમાજ આ પ્રકારની પ્રવૃત્તિના સમર્થનમાં નથી. હાર્દિક ઉમિયા માતાજી સંસ્થાન અને ખોડલ ધામ સિવાયની સમાજની બીજી સંસ્થાઓ કે આગેવાનોને ઓળખતો નથી અને આગેવાનોના વિરોધથી તેને કોઈ ફરક પડતો નથી એવું વલણ જે દાખવે છે તે મુદ્દે પાટીદાર યુવા આગેવાનો સંજય પટેલ, હરેશ પટેલ, કમલ વાટલીયા અને દિલીપ મામાએ વધુમાં જણાવ્યું હતું કે, હવે જો હાર્દિક પટેલ તેના અંગત રાજકારણમાં પાટીદાર સમાજના આગેવાનો કે સંસ્થાઓની વિરૂધ્ધમાં કંઈપણ કહેશે તો, યુવા પાટીદાર બ્રિગેડ તરફથી તેનો જાહેરમાં જોરદાર રીતે જવાબ વાળવામાં આવશે. હાર્દિક પટેલ દ્વારા આ ચૂંટણીમાં ભાજપને હરાવવાની વાત કરી છે તે અંગે યુવા પાટીદાર નેતાઓએ જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન એ કોઈ રાજકીય પક્ષને પાડવા કે ઉતારવા માટે નથી. હાર્દિક પટેલ જો તેનું પર્સનલ આંદોલન ચલાવશે તો, પાટીદાર સમાજ કે યુવા પાટીદાર બ્રિગેડ તેની સાથે નહી રહે.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

સંસ્કાર કરવા હક્ક, અધિકાર મળવો જોઈએ તથા તેમના ધાર્મિક અનુષ્ટાનોને પુરા કરવાનો તમામ હક્ક, અધિકાર પારસી અગિયારી અમને આપે. કોઈપણ મહિલા અલગ ધર્મની વ્યક્તિ સાથે લગ્ન કરે તો પોતાની મૂળ ધાર્મિકતા ખત્તમ થઈ જતી નથી તેને અનુમતી આપવી જોઈએ કે તેને કયો ધર્મ પાળવો છે કારણ કે એક મહિલાનું એક અલગ વ્યક્તિત્વ છે જે લગ્ન બાદ ખતમ થઈ જતું નથી સમગ્ર મામલો સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ હોય હાલતો સમાજને નારીની સ્વતંત્રતા માટે તથા તેના ધર્મના પાલન માટેની અભિવ્યક્તિ તથા ધાર્મિક સંસ્કારોના પાલન માટેના હક્કો અંગે વિચારતા કરે છે.

સર્વોચ્ચ ન્યાયાલયના ફેંસલાથી અનેક પારસીના ચિલ્ડ્રન ઓફ કલ્ચરની એપ્લીકેબીલીટી પર વિચાર કરતા કરી દિધા છે. સામાન્ય રીતે લગ્ન બાદ સ્ત્રી પોતાના પતિનો ધર્મ અંગીકાર કરશે તે સર્વ સામાન્ય બાબત છે પરંતુ કોઈપણ ધર્મનું પાલન કરતી વ્યક્તિના સ્વતંત્રતાના હક્કો, અધિકારો ઉપર તરાપ મારી શકાય નહિ લગ્ન બાદ સ્ત્રી હિન્દુ હોય તો હિન્દુ ધર્મ, પારસી હોય તો પારસી ધર્મ તથા ઈસ્લામ ધર્મી હોય તો ઈસ્લામ ધર્મ તથા ક્રિશ્ચિયન હોય તો ક્રિશ્ચિયન ધર્મનું પાલન ચાલુ રાખી શકે છે. સ્પેશ્યલ મેરેજ એકટમાં પણ આવી વિશિષ્ટ જોગવાઈ છે તો પછી ધર્મની રીતીનિતી કાયદા તથા બંધારણથી પર ના હોઈ શકે કોઈ એક ધર્મનું પાલન કરતા કોઈપણ વ્યક્તિને લગ્નબાદ રોકી શકાય નહિ કે તેના ધાર્મીક અધિકારો ઉપર તરાપ મારી ના શકાય. આ સર્વ સામાન્ય બાબત છે તેમ છતાં કાયદો રૂઢીથી પર હોવાનું જણાવી પારસી સમાજના નિયમ મુજબ લગ્ન વિધર્મી સાથે સ્ત્રીના થાય તો પતિના ધર્મનું જ પાલન કરી શકે તેને ટાવર ઓફ સાયલન્સ તથા ફાયર ટેમ્પલના અધિકારો આપવામાં આવતા નથી હવે સુપ્રિમ કોર્ટ શું ચુકાદો આપે છે તેના ઉપર બધાની નજર છે. જયારે આ કેસમાં સ્ત્રીના વૃધ્ધ માતા પિતાના અંતિમ સંસ્કારમાં પોતે હાજર રહી શકે કે કેમ તે પણ એક સવાલ છે. સ્ત્રીને ધાર્મિક સ્વતંત્રતા મળવી જ જોઈએ તેવો સર્વ સામાન્ય વિચાર છે.

### ભીષણ આગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વહેલી સવારે અચાનક ૪.૪પના અરસામાં અભય ડેકોરેશનના ગોડાઉનની બહાર રહેલા કર્મચારીઓને અંદર આગ લાગી હોવાનું ધ્યાને આવતા તેઓએ તાત્કાલીક ફાયર બિગ્રેડને જાણ કરી હતી. રિજીયોનલ ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ લઈને તાત્કાલીક સેકટર-૨૬ ખાતે પહોંચી ગયા હતા. આગ વિકરાળ હોવાથી તેને બુઝાવવા માટે અંદાજે દોઢ કલાક જેટલો સમય અને ૪૦ હજાર લીટર પાણીનો છંટકાવ કર્યો હતો. ફાયરના ત્રણ વાહનો અને આખી ટીમ ખડેપગે રહી હતી. જો કે આગ હતી તેનાથી વધુ પ્રસરે નહી અને આસપાસમાં આવેલ અન્ય ગોડાઉન કે ચીજવસ્તુઓને નુકશાન ન પહોંચે તે રીતે ખાસ ધ્યાન રાખીને આગ પર કાબુ મેળવ્યો હતો. બનાવ સ્થળે અભય મંડપના માલિક પણ દોડી આવ્યા હતા. આગના ધુમાડાના ગોટેગોટા જોઈ આસપાસના નાગરીકો પણ મોટીસંખ્યામાં એકઠા થયા હતા. શહેરના અભય મંડપ ડેકોરેશનના ગોડાઉનમાં લાગેલી આગમાં કરોડો રૂપીયાનો સામાન બળીને ખાક થઈ ગયો હતો. આગના સમાચાર ગાંધીનગરના વેપારીવર્ગ અને પરિચિતોને થતા દુખની લાગણી વ્યકત કરી હતી. જો કે આગ ગોડાઉનમાં કયાં કારણોસર લાગી હતી તેનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી તે તપાસ બાદ જ જાણી શકાશે.

### ઢોરનો ત્રાસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહીશોમાં રોષ પ્રવર્તયો છે. બીજીતરફ સફાઈ કર ઉઘરાવામાં મોખરે રહેતા કોર્પોરેશનના તંત્ર દ્વારા સેકટરોમાં શેરી સફાઈ પણ કરવામાં આવતી નથી. સેકટરોમાં સ્થિત કચરાપેટીઓ જ ગંદકીનુ ઉદભવ સ્થાન બની છે. કચરાપેટીના સ્થાને જ ઉકરડો જોવા મળે છે. જયારે સફાઈ કરના ઉઘરાણાં બાદ પણ સેકટરોના કોમન પ્લોટમાં ગંદકી ખદબદતી જોવા મળી રહી છે. સેકટરોમાં શેરી સફાઈના નામે મીંડુ છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ આ અંગે ઘર આંગણે યોગ્ય સફાઈ વ્યવસ્થા ન થાય ત્યાં સુધી કરના ઉઘરાણાં બંદુર થી દુર રહી પ્રથમ યોગ્ય સફાઈની ફરજ અદા કરવાનુ કામ કરવુ જોઈએ તેમ પણ જણાંવાયુ છે.

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'ઓહ...'

'હા... ને અમે કરીએ તે લીલા બીજા કરે તે છીનાળું...'

'સાહેબ... એ તો...'

'અમુક મુદ્દે મૌન ધારણ કરી લેવું જોઈ યાદ આવે.' 'સબસે બડી ચૂપ..' અને 'ના બોલ્યામાં નવ ગુણ...'

'સાહેબ, એ તો બધું ચાલ્યા કરે...'

'બરાબર છે, ભાઈ આ બધું ચાલ્યા કરે, માનીને જે ચાલી રહ્યું છે તેમાં પ્રજાની ચિંતા - પ્રજાના પ્રશ્નો કોરાણે મૂકાતા જોઈ કહેવત યાદ આવે છે -

'વર મરો, કન્યા મરો

પણ ગોરનું તરભાણું ભરો...'

'બસ... બસ, સાહેબ, હવે...'

'નથી સંભળાતું ને ! અમનેય સહન નથી થતું... એટલે જ ઉકળાટ ઠલવાઈ જાય છે... બાકી તો 'સમય બડા બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન... કાબે અર્જુન લૂંટીયો... વહી ધનુષ વહી બાણ...!!'

- નિમિત્ત માત્ર

### ખુલાસો થયો છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવા માટે હિમાચલ પ્રદેશને રેલવે, માર્ગો અને હવાઈ માર્ગો સાથે જોડી દેવામાં આવનાર છે. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, બિમારી આપનાર લોકો આજે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. આ લોકો અમને પ્રશ્નો કરી રહ્યા છે. છેલ્લા ૩૦ વર્ષથી બેનામી સંપત્તિના કાયદાને રોકી રાખવામાં આવ્યો હતો. અમે તેમાં સુધારા કરીને તેને વધુ કઠોર બનાવી ચુક્યા છે. જીએસટી કાઉન્સિલની બેઠકની વાત કરતા તેમણે કહ્યું હતું કે, આગામી દિવસોમાં વેપારીઓ અને અન્ય સમુદાયની નારાજગીને દૂર કરવા માટે અન્ય પગલા પણ લેવામાં આવશે. મોદીએ ખાતરી આપતા કહ્યું હતું કે, હિમાચલ પ્રદેશને નવી ઉંચાઈ ઉપર લઈ જવામાં આવશે. પ્રચંડ બહુમતિ સાથે ભાજપને જીત અપાવવા ઉપસ્થિત લોકોને અપીલ કરતા તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યમાં ભાજપની સરકાર હોવાથી બેવડા લાભ સામાન્ય લોકોને મળી શકશે.